# હઝરત મુસા (અ.સ.) અને ઉમ્મતે મોહંમદીયા

કઅબુલ અહબારથી રિવાયત છે કે, આપે ફરમાવું કે, મુસા કલીમુલ્લાહ (અ.સ.) પર જે વક્ત તૌરાત કિતાબ નાઝિલ થઈ અને એનો આપે મોતાલેઓ-દરસ કીધો તો અલ્લાહની બારગાહમાં અરઝ કીધી કે, અય મારા ખાલિક ! મેં તૌરાતમાં એક એવી ઉમ્મતની ઝીક્ર પઢી કે જે ખૈરૂલ ઉમમ યાની તમામ ઉમ્મતોથી બહેતર હશે, નેક અમલ કરવા પર દર આમદ થાશે, નેકીની વાતોનો હુકમ કરશે, બુરી વાતોથી બચાવશે અને તમામ ઈલાહી કિતાબો પર ઈમાન લાવશે, હંમેશા જેહાદ કરશે અને નમાઝ રોઝાથી પોતાના આઅમાલને દુરસ્ત કરશે. તો એય મારા પરવરદિગાર ! તે ઉમ્મત તું મને આપી દે. અલ્લાહતઆલાએ જવાબ દીધો કે, તે ઉમ્મતે મોહંમદીયા છે. પાછી આપ (અ.સ.) એ અરઝ કીધી કે, અય રબ્બુલ ઈઝઝત ! મેં એવી ઉમ્મતની ઝીક્ર પઢી છે કે, જે ખાલિકે કાએનાતની બહુ હમદો સના કરશે, સુરજની રવિશ અને રફતારને માપશે, પોતાના હર ઈરાદા પર ઈન્શાઅલ્લાહ કહેશે. તો અય મારા ખાલિક ! આ ઉમ્મત તું મને આપી દે. અલ્લાહતઆલાએ જવાબ આપો કે, તે ઉમ્મતે મોહંમદીયા છે. મુસા (અ.સ.) એ અરઝ કીધી કે, અય મારા પાલનહાર ! મેં એવી ઉમ્મતની ઝીક્ર તૌરાતમાં પઢી કે, જે અલ્લાહની રાહમાં કુરબાની, કફ્ફારો, સદકાત, સખાવત અને ખર્ચ કરીને જહન્નમની આગને પોતાના પર હરામ કરશે. તો અય રબ્બુલઆલમીનએ ઉમ્મતને તું મને આપી દે. અલ્લાહતઆલાએ ફરમાવું કે, તે ઉમ્મતે મોહંમદીયહ છે. મુસા (અ.સ.) એ અરઝ કીધી કે અય મારા ખાલિક ! મેં એવી ઉમ્મતની ઝીક્ર પઢી કે, જેને વાસ્તે દુનિયાની તમામ ઝમીન મસ્જીદ હશે, માટી એની તહારતનો ઝરીઓ હશે. એના હાથ, ચેહરો, પગ વુઝુની બદૌલત રોશન થાશે, અને તે પોતાના વતનને મૂકીને અલ્લાહના ઘરના દીદાર વાસ્તે સફરની ઝહેમત ગવારા કરશે અને એ સફરમાં ઉપર ચઢતી વક્ત નીચે ઉતરતી વક્ત અલ્લાહની તકબીર પઢશે. એય અલ્લાહતાઆલા આ ઉમ્મતનો નબી તું મને બનાવી દે. જવાબે ઈલાહી મિલો કે, તે ઉમ્મતે મોહંમદીયા છે. આપે દોબારા અરઝ કીધી કે, અય મને હિદાયતના દેનાર રબ ! મેં તે ઉમ્મતની સિફતો સના પણ પઢી કે, જે કોઈ નેકી કરવાનો ઈરાદો કરે, તો એક નેકીનો સવાબ મિલે અને એક નેકી કરે તો દસ નેકીનો સવાબ મિલે, અને એક ગુનાહની એક જ સઝા હોય. આ ફાઝિલ ઉમ્મત મારી બનાવી દે. તો જવાબે ખુદાવન્દી મિલો કે, તે ઉમ્મતે મોહંમદીયા છે. પછી મુસા (અ.સ.) એ અરઝ કીધી કે, મેં એ ઉમ્મતની ઝીક્ર પઢી કે, જેના સીનામાં તારી કિતાબની તિલાવત મેહફુઝ હશે અને જેની નમાઝની સફો ફરિશ્તાની સફબન્દી જેમ હશે, જે મસ્જીદોમાં અલ્લાહની ઝીક્ર કરવા દોડશે જે તુને પ્યારી હશે અને જે તુને પ્યાર કરશે. એ ઉમ્મત મને બખ્શી દે. જવાબ મિલો કે, તે ઉમ્મતે મોહંમદીયા છે. આખિરમાં મુસા કલીમુલ્લાહ (અ.સ.) ને અરઝ કીધી કે, અય ખાલિકે દો આલમ ! તો તું મને મોહંમદ (સ.અ.વ.વ.) ના અસહાબમાંથી કરી દે. આ સવાલ પર અલ્લાહતઆલાએ મુસા (અ.સ.) ને બશારતો આપી, જે બશારતોની ઝીક્ર સુરતુલ આઅરાફમાં મૌજુદ છે. ★